# ખેતરના રસ્તા બાબતે ભાઈએ ભાઈને કોદાળીના હાથાથી ફટકાર્યો

**સરોલીમાં** ભત્રીજો ખેતરમાંથી પસાર થતાં કાકીએ ટોક્યો ને બબાલ થઈ

સાયણ: ઓલપાડના સરોલી ગામે ખેતરના રસ્તા બાબતે બે સગા ભાઈઓ વચ્ચે થયેલા ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં એક ભાઈએ બીજા ભાઈ ઉપર કોદાળીના હાથા વડે હુમલો કરતાં મામલો ઓલપાડ પોલીસ મથકમાં પહોંચ્યો છે.

સરોલી ગામે મંદિર ફળિયામાં અરવિંદભાઇ જગજીવનભાઇ પટેલ (ઉ.વ.૫૦) પરિવાર સાથે રહી ખેતી કરે છે. તેઓ ગત તા.૧ માર્ચે સાંજે તેમની પત્ની હિનાબેન સાથે ગામની સીમમાં બ્લોક નં.૧૪ વાળા તેમના ખેતરમાં ઘઉંનું પરાળ સળગાવી ઘરે પરત ફરી રહ્યાં હતાં. એ વખતે તેના સગા ભાઈ દલપતનો દીકરો વિરાજ અરવિંદભાઇના ખેતરમાંથી ચાલીને બહાર નીકળી રહ્યો હતો. જેથી આ દંપતીએ તેના ભત્રીજા વિરાજને ટકોર કરી હતી કે, તું મારા રસ્તા પરથી ચાલીને બહાર જવાના બદલે તારા ખેતર આગળનો રસ્તો તું ખુલ્લો કરી દે. આ સમયે ભત્રીજાએ ગાળો બોલી કાકાને કહ્યું હતું કે, હું મારા ખેતરનો રસ્તો નહીં ખોલું અને અમે તો અહીંથી જ જવાના. તારે થાય એ કરી લેજે. આ બબાલમાં ભત્રીજા સાથે તેનો ભાઈ દલપત અને ભાભી માલિનીબેન પણ જોડાતાં ફરી ઝઘડો શરૂ થયો હતો. આ વાત વધુ વણસતાં આવેશમાં આવી ગયેલા દલપતભાઈએ કોદાળીના હાથા વડે અરવિંદભાઈને સાથળના ભાગે સપાટો મારતાં તેને મૂઢ ઇજા થવાથી તે જમીન ઉપર ફસડાઇ પડ્યા હતા. આ બબાલ બાદ ત્રણેય આરોપીએ અરવિંદભાઈને ધમકી આપી હતી કે, હવે પછી જો હવે તું રસ્તા બાબતે તકરાર કરશે તો તને જાનથી મારી નાંખીશું. જો કે, અરવિંદ પટેલથી મૂઢ માર સહન ન થતાં તેમણે સુરત ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ગત ગુરુવાર, તા.5ના રોજ ઓલપાડ પોલીસ પહોંચ્યા હતા અને સગાભાઈ દલપત, ભાભી માલિનીબેન અને ભત્રીજા વિરાજ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માંડવીમાં નકલી ઘી બનાવવાનું કૌભાંડ

**ખેડપુરમાં** મકાનમાંથી 810 લીટર શંકાસ્પદ ઘી, હજારો સ્ટિકર્સ અને પેકિંગ મશીનો મળી આવ્યાં

**પોલીસના** દરોડામાં રૂ.7.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો


હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકામાં નકલી ઘી બનાવવાની ગેરકાયદે પ્રવૃત્તિ સામે પોલીસને મોટી સફળતા મળી છે. માંડવી પોલીસ દ્વારા ખેડપુર ગામે દરોડો પાડી નકલી ઘી બનાવવાની ફેક્ટરી ઝડપીને રૂ.7,30,715 કિંમતનો શંકાસ્પદ મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

માંડવી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.વી. પટેલને મળેલી બાતમીના આધારે ખેડપુર ગામે અગ્રેશ્વર સિટી પોઇન્ટ વિસ્તારમાં, અગ્રેશ્વર મહાદેવ મંદિરની પાછળ આવેલા મકાન નં.400માં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન હેમરાજ નાનુભાઈ ઉર્ફે નૈનસીંગ રાજપુરોહિત (ઉ.વ.39) મૂળ રાજસ્થાનના જાલોર જિલ્લાના સાથુ ગામના અને હાલ માંડવીના મારુતિનગર સોસાયટીમાં રહેતા વ્યક્તિના મકાનમાંથી નકલી ઘી બનાવવાનો ધંધો ચાલતો હોવાનો ખુલાસો થયો હતો. પોલીસ તપાસમાં સ્થળ પરથી આશરે 810.5 લીટર શંકાસ્પદ ઘી (કિં.રૂ.6,65,870) મળી આવ્યું હતું. ઉપરાંત "YADUGIRI TM PURE COW GHEE" નામનાં હજારો નકલી સ્ટિકર્સ, પ્લાસ્ટિક ડબ્બા, પેકિંગ માટેનાં બોક્સ, ગેસ ચૂલો, ગેસ સિલિન્ડર, એલ્યુમિનિયમનો તપેલો, સ્ટીલની પવાલીઓ, ઈલેક્ટ્રોનિક વજન કાંટો, ફૂડ કલર, હીટ ગન, ફોઇલ કેપિંગ મશીન અને બેચ કોડિંગ મશીન સહિત નકલી ઘી તૈયાર કરવા અને પેક કરવા માટેની સામગ્રી મળી આવી હતી.

આ ઉપરાંત સ્થળ પરથી HARPIC ટોઇલેટ ક્લીનરની બોટલો, તેના હજારો સ્ટિકર્સ, પંઢરપુરી તમાકુનાં પાઉચ, પેકિંગ રોલ, એસિડ ભરેલાં બેરલ તેમજ કેટલાક મહત્ત્વના દસ્તાવેજો અને મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

પોલીસે આરોપી પાસેથી કુલ રૂ.7,30,715 કિંમતનો શંકાસ્પદ મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી પાસે આ સામગ્રી અંગે કોઈ યોગ્ય આધાર પુરાવો રજૂ ન થતાં પોલીસ દ્વારાકાર્યવાહી હાથ ધરી આગળની તપાસ હાથ ધરી હતી.

## દેલાડમાં અજાણ્યા રાહદારીનું મોત

સાયણ: સાયણ-અમરોલી રોડ પર દેલાડ નજીક ગત બુધવારે રાત્રે અજાણ્યા વાહને ૫૦-૫૫ વર્ષના રાહદારીને પાછળથી ટક્કર મારી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આ પુરુષનું સાયણ ખાતેની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. ઓલપાડ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મુસા ગામે દીપડો પાંજરે પુરાયો

વ્યારા: વ્યારામાં મુસા સહિતના વિસ્તારમાં સ્થાનિકોને વન્ય પ્રાણી દીપડાની હલચલ નજરે પડતાં વન વિભાગ દ્વારા મુસા ગામે દીપડાને પકડવા માટે પાંજરું મૂકવામાં આવ્યું હતું, જેમાં ગત તા.5-3-2026ના રોજ વ્યારા નજીક મુસા ગામે રાત્રિ દરમિયાન અંદાજિત ચારથી પાંચ વર્ષનો નર દીપડો પાંજરે પુરાઈ જતાં સ્થાનિકોને હાશકારો થયો હતો અને દીપડાની અવરજવરથી ભયભીત સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. દીપડો પાંજરામાં કેદ થયો હોવાની જાણ થતાં વ્યારા વન વિભાગની ટીમે દીપડાને સુરક્ષિત રીતે દૂરનાં ઊંડાણના જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરી હતી.

# બારડોલીનાં ૩૩ ગામમાં ઘનકચરા વ્યવસ્થાપન પ્રણાલીનો પ્રારંભ

**સુરત** જિલ્લામાં ગ્રામ્ય સ્વચ્છતા અંગે મોટું પગલું, ઈસરોલીથી રૂ.૬.૬૭ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

**ઈ-વ્હીકલને** લીલી ઝંડી, વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ



સુરત, બારડોલી: સુરત જિલ્લા પંચાયત દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અને પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. બારડોલી તાલુકાના ઈસરોલી ખાતેથી જિલ્લાના ૩૩ ગામમાં 'ઘનકચરા વ્યવસ્થાપન પ્રણાલી'નો સત્તાવાર પ્રારંભ કરવામાં આવ્યો છે. સાથે સાથે રૂ.૬.૬૭ કરોડના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ અને ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે આર.એન.જી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, તાજપોર કોલેજ, ઈસરોલી ખાતે યોજાયો હતો. આ અવસરે મહાનુભાવોએ ઘનકચરા સંગ્રહ માટે ઉપયોગમાં લેવાતા ઈ-વ્હીકલને લીલી ઝંડી બતાવીને કાર્યરત કર્યા હતા તેમજ વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય અને પ્રમાણપત્રોનું વિતરણ કર્યું હતું. કાર્યક્રમને સંબોધતા જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલે જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયત જિલ્લાના સર્વાંગી વિકાસનું કેન્દ્રબિંદુ છે. સરકારની કલ્યાણકારી યોજનાઓ અને વિકાસકાર્યો છેવાડાના ગામડાં સુધી પહોંચે તે માટે જિલ્લા પંચાયત અને તમામ વિભાગો સંકલિત રીતે કામગીરી કરી રહ્યા છે.

આ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લા પંચાયત દ્વારા વિકાસકાર્યોને નવી ગતિ મળી છે. છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન જિલ્લામાં ૨૩૬ નવા પંચાયત ઘરોનું નિર્માણ, ૨૪૨ આંગણવાડી મકાનોનું બાંધકામ, આશરે ૬૮ આરોગ્ય મંદિરોની સ્થાપના તેમજ ૫૦૦થી વધુ શાળાઓમાં નવા ઓરડાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના અધ્યક્ષ જિતેન્દ્ર પટેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષ રોશન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ જમનાબેન રાઠોડ, અગ્રણી ભાવેશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ અને તાલુકા પંચાયતના સભ્યો હાજર રહ્યા હતા.

## આમદલા ગામે ધુળેટીના મેળામાં યુવક ઉપર કડાંથી હુમલો

સુરત: બુમલીયાના મંદિર ફળિયામાં રહેતા ૩૦ વર્ષીય યુવક દેવેન્દ્રભાઈ રાકેશભાઈ તડવી તેમના મિત્ર જીતુભાઈ સાથે આમદલા ગામે ધુળેટીના મેળામાં માટલાં લેવા ગયા હતા. ત્યારે ગામના જ સુનીલભાઈ તડવી અને કરણભાઈ તડવીએ તેમને ગુલાલ લગાડવાનો પ્રયાસ કર્યો હતો. દેવેન્દ્રભાઈએ કપડાં બગડવાની બીકે ગુલાલ લગાડવાની ના પાડતાં મામલો બિચક્યો હતો. ઉશ્કેરાયેલા સુનીલ તડવીએ હાથમાં પહેરેલું કડું દેવેન્દ્રભાઈના માથામાં મારી દીધું હતું, જેથી તેમને ગંભીર ઈજા થઈ હતી. બચાવવા વચ્ચે પડેલા મિત્ર સાથે પણ આરોપીઓએ ઝપાઝપી કરી હત્યાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત યુવકને ગરૂડેશ્વર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના માથામાં ૧૫ ટાંકા આવ્યા છે. પોલીસે બંને શખ્સ વિરુદ્ધ કાર્યવાહી હાથ છે.

# 'તું અમે રાખેલી દુકાન કેમ ભાડે માંગે છે?' કહી પિતા-પુત્ર પર હુમલો

**બુહારીમાં** દુકાન ભાડે રાખવા મુદ્દે બબાલ

વાલોડ: વાલોડના બુહારીના તળાવ ફળિયામાં રહેતા ઈકબાલભાઈ અઝીઝભાઈ મેમણ (ઉ.વ.૪૮) ગત તા.૫/૩/૨૦૨૬ના રોજ સવારના સમયે બજારમાં લલ્લુભાઈ શાકભાજીવાળાની દુકાન પાસે ચા પી રહ્યા હતા. દરમિયાન સ્થાનિક રહીશ નસીમ અંસારી ત્યાં આવી પહોંચ્યો હતો અને ઈકબાલભાઈને જણાવ્યું હતું કે, તું અમે જે દુકાન ભાડે ચલાવીએ છીએ તે કેમ ભાડે માંગો છે? તેમ કહી ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને આરોપી નસીમ અંસારીએ ઈકબાલભાઈનો કોલર પકડી તમાચા માર્યા હતા. આ સમયે અન્ય આરોપીઓ અરબાઝ અંસારી અને સેબાઝ અંસારી પણ ત્યાં ધસી આવ્યા હતા. અરબાઝે ઈકબાલભાઈને આંખ પાસે મુક્કો માર્યો હતો, જ્યારે સેબાઝે ઢીકમુક્કીનો માર માર્યો હતો. પિતાને બચાવવા વચ્ચે પડેલા પુત્ર યુસુફ મેમણ સાથે પણ આરોપીઓએ ઝપાઝપી કરી આંખના ભાગે ઈજા કરી હતી.

હુમલો કર્યા બાદ આરોપીઓએ ધમકી આપી હતી કે, આજે તો બચી ગયા છો, પણ બીજીવાર મળશો તો હાથ-પગ ભાંગી નાંખી જાનથી મારી નાંખીશું. આ મામલે ઈકબાલભાઈએ વાલોડ પોલીસ સ્ટેશનમાં ત્રણેય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે એ.એસ.આઈ. યોગેશભાઈ રોહિદાસભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## કોસંબાના વૃદ્ધનું બીમારીથી મોત

હથોડા: કોસંબાના ઈન્દિરાનગર ખાતે રહેતા 65 વર્ષના વૃદ્ધ બાબુભાઈ કરસનભાઈ વસાવાનું અગમ્ય બીમારીના કારણે મોત થયું હતું. આ બનાવમાં કોસંબા પોલીસે લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm
Tere Naam - 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


# કોટલીમાં દીપડો પાંજરે પુરાયો

કુકરમુંડા: નિઝરના કોટલી ગામની સીમમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાના આતંકને કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ગત સોમવારે તાપી નદી નજીક ખેતરાડી વિસ્તારમાં કાચા રસ્તા પર દીપડો નજરે પડ્યો હતો અને તેનો ફોટો સ્થાનિકના મોબાઈલમાં કેદ થઈ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઉપરાંત આશરે પાંચ દિવસ પહેલા ખેડૂત રાજુભાઈ જાલમસિંગભાઈ પાડવીની બકરી ઉપર દીપડાએ હુમલો કરતાં બકરીનું મોત થયું હતું. જેથી વન વિભાગે કોટલી ગામે પાંજરું ગોઠવ્યું હતું, જેમાં ગતરોજ સવારે દીપડો પાંજરે પુરાતાં સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૭૧/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- અનિલભાઈ સુરેશભાઈ હળપતિ, રહે.વડ ફળિયું, પીપરીયા તા.માંડવી, જી.સુરત-૩૯૪૩૩૫.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી પીપરીયા ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૩૩૫

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અનિલભાઈ સુરેશભાઈ હળપતિ, રહે.વડ ફળિયું, પીપરીયા તા.માંડવી, જી.સુરત-૩૯૪૩૩૫એ તેઓના પોતે અનિલભાઈ સુરેશભાઈ હળપતિનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: અનિલભાઈ સુરેશભાઈ હળપતિ ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૮૯ ૩. જન્મનું સ્થળ: મોજે.પીપરીયા, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે અનિલભાઈ સુરેશભાઈ હળપતિના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

## સંક્ષિપ્ત સમાચાર

### ભડકોદ્રા ડમ્પિંગ સાઇટમાં ફરી આગ


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદ્રાની ડમ્પિંગ સાઇટમાં દોઢ મહિનામાં ત્રીજીવાર ભીષણ આગ લાગતાં સ્થાનિકોમાં રોષ અને ચિંતા ફેલાઈ છે. કાળા ધુમાડાના ગોટાને કારણે પ્રદૂષણ વધતા રહીશોનું જીવવું મુશ્કેલ બન્યું છે. સ્થાનિકોને શંકા છે કે અસામાજિક તત્ત્વો દ્વારા ગેરકાયદે કેમિકલ વેસ્ટ ઠાલવી આગ લગાવવામાં આવી છે. વારંવાર બનતી આ ઘટનાઓએ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે, ત્યારે લોકો દ્વારા આ મામલે સચોટ તપાસ અને કાયમી ઉકેલની માંગ કરવામાં આવી છે.

### અંકલેશ્વરમાં ઓપરેશન મ્યુલ હંટ હેઠળ વોન્ટેડ આરોપી પકડાયો

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે 'ઓપરેશન મ્યુલ હંટ' અંતર્ગત લાંબા સમયથી ફરાર આરોપી રંજનસિંહ રાજમંગલસિંહ (ઉં.વ.29) (રહે.,મીરાનગર, દુર્ગા માતા મંદિર પાસે, રાજપીપળા રોડ, સારંગપુર, અંકલેશ્વર, મૂળ રહે.,ઉત્તરપ્રદેશ)ની ધરપકડ કરી છે. સાયબર ક્રાઇમમાં બેંક ખાતા પૂરા પાડવાના ગુનામાં તે વોન્ટેડ હતો. PI પી.જી. આવડાની ટીમે ટેકનિકલ સર્વેલન્સના આધારે આ સફળ કામગીરી કરી કાર્યવાહી હાથ ધરી છે.

### ભાદી ગામમાં દીપડો પાંજરે ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના ભાદીમાં છેલ્લા ઘણા સમયથી દીપડાના આતંકથી ફેલાયેલા ભયનો અંત આવ્યો છે. ભાદી, કરોડ અને બાકરોલ ગામોમાં દીપડો દેખાતાં ગ્રામજનો અને પશુપાલકોમાં ભારે ફાળ પડી હતી. સ્થાનિકોની રજૂઆત બાદ વનવિભાગે ગોઠવેલા પાંજરામાં આખરે દીપડો આબાદ ઝડપાઈ ગયો હતો. દીપડો પકડાતાં ખેડૂતો અને ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો છે. વનવિભાગે દીપડાનો કબજો મેળવી તેને સુરક્ષિત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી છે.

### પાનસરાથી 16 વર્ષનો કિશોર ગુમ

હથોડા: મૂળ બિહારના મુઝફ્ફરનગર અને હાલ કોસંબા પોલીસ મથક હદ વિસ્તારમાં સમાવેશ પાનસરા જીઆઇડીસીમાં રહેતા 16 વર્ષના સગીર કિશોરનું કોઈક અજાણ્યા અપહરણ કરી ગયા હતા અથવા તો કિશોર ગુમ થયાની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે કોસંબા પોલીસે ફરિયાદ નોંધી બનાવની ગંભીરતા સમજી ઘટનાની તપાસ પાલોદ પોલીસ ચોકીના પીએસઆઇને સોંપવામાં આવી છે.

### જૂના કોસંબામાં આધેડની લાશ મળી

હથોડા: જૂના કોસંબાના હની રો હાઉસ સામે આવેલી ખુલ્લી જગ્યામાંથી કોઈ અજાણ્યા 50 વર્ષના આધેડની લાશ મળી આવતાં પોલીસે લાશનો કબજો લીધો છે. આ મામલે કોસંબા ટાઉન બીટના જમાદાર અશોકભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

### સેવણીમાં યુવકનું ઝેરી દવા પીવાથી મોત

કામરેજ: કામરેજના સેવણી ગામના 51 વર્ષીય દીપકભાઈ ચીમનભાઈ પટેલે અગમ્ય કારણોસર ઘાસ મારવાની દવા પી લેતાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. ધુળેટીની રાત્રે ઘરેથી નીકળ્યા બાદ તેઓ બસ સ્ટેન્ડ પાસે બેભાન હાલતમાં મળી આવ્યા હતા. કામરેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બલેશ્વરમાં વાહન અડફેટે એકનું મોત

પલસાણા: બલેશ્વરમાં નેશનલ હાઈવે નં.48 પર રિલીફ હોટલ પાસે રોડ ક્રોસ કરી રહેલા 35 વર્ષીય અજાણ્યા યુવકને અજાણ્યા વાહને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. પલસાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કડોદ-મઢી રોડ રિસર્ફેસિંગનું ખાતમુહૂર્ત



કડોદ: મઢી રોડ બિસમાર હાલતમાં હોવાથી વાહનચાલકો પરેશાન બન્યા હતા. આ અંગે સ્થાનિક લોકોએ તંત્રને વારંવાર રજૂઆત કરી હતી. જેને પગલે રૂ.૯૪૨.૫૦ લાખના ખર્ચે રોડ નવો બનાવવાના કાર્યનું ખાતમુહૂર્ત બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર તથા મહુવાના ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે ઓરગામ ખાતે કરવામાં આવતાં કડોદ-મઢી વિભાગની જનતામાં ખુશીની લહેર પ્રસરી છે. આ પ્રસંગે જિલ્લાના આગેવાનો ભાવેશ પટેલ, જીતુ બામણી, રોસન પટેલ તાલુકા પંચાયત પ્રમુખ જમના રાઠોડ કડોદના આગેવાનો બાલુભાઈ પ્રજાપતિ, ધ્વનિ ભાવસાર, હરદીપ દેસાઇ તથા જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### માંડવીને આધુનિક અગ્નિશામક સુવિધા મળશે


હિતેશ પટેલ

માંડવી: માંડવી શહેર તથા આસપાસના વિસ્તારોમાં આગ જેવી આપત્તિની પરિસ્થિતિમાં ઝડપી અને અસરકારક કામગીરી સુનિશ્ચિત કરવા માટે NPCIL કાકરાપારના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અનુદાન હેઠળ અંદાજિત રૂ.1.56 કરોડના ખર્ચે નવા ફાયર સ્ટેશનના નિર્માણ કાર્યનો ખાતમુહૂર્ત કાર્યક્રમ આજે યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે NPCIL કાકરાપારના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (ફાઇનાન્સ) કે. બાબુરાજ મુખ્ય, સાઇટ ડિરેક્ટર સંજયકુમાર માલવિય, ચેરમેન (CSR) એ.કે.સાહુ, માંડવી નગરપાલિકાના પ્રમુખ નિમેષભાઈ એચ.શાહ, NPCILના વરિષ્ઠ અધિકારીઓ, CSR વિભાગના પ્રતિનિધિઓ તેમજ માંડવી નગરપાલિકાના સભ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે બાંધકામ સમિતિ અધ્યક્ષ રંજનાબેન પી. મરાઠેએ આભારવિધિ વ્યક્ત કરી હતી.

### બારડોલી નાગરિક બેંકમાં ડો.જયેશ સોલંકી ચેરમેન બન્યા



બારડોલી: બારડોલીની પ્રતિષ્ઠિત 'ધી બારડોલી નાગરિક સહકારી બેંક'ની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં ગૌતમ વ્યાસ સમર્થિત 'સહકાર પેનલ'નો ભવ્ય વિજય થયો હતો. આ વિજય બાદ યોજાયેલી નવનિર્વાચિત ડિરેક્ટરોની પ્રથમ બોર્ડ મીટિંગમાં આગામી ૫ વર્ષની મુદત માટે સર્વાનુમતે પદાધિકારીઓની વરણી કરાઈ છે. એમ.ડી. ડો.પુષ્પકાંત પાંડેની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં તમામ સદસ્યોએ એકરાગીતા સાથે ચેરમેન પદે ડો.જયેશ સોલંકી અને વાઇસ ચેરમેન પદે ધનસુખ પટેલના નામ પર મહોર મારી હતી. આ પ્રસંગે સહકારી અગ્રણી એડ્વોકેટ ગૌતમ વ્યાસ તથા અન્ય મહાનુભાવોએ નવા પદાધિકારીઓને અભિનંદન પાઠવી બેંકની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### પલસાણાના એનામાં એક્સપ્રેસ વે પરથી દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

પલસાણા: પલસાણા તાલુકાનાં એના ગામની સીમમાં નવા બનેલા એક્સપ્રેસ વે પર વિદેશી દારૂનો જથ્થો લઈ જવાનો કીમિયો સુરત ગ્રામ્ય એલ.સી.બી.એ નિષ્ફળ બનાવ્યો છે. પોલીસે એક ટેમ્પોમાંથી 19.80 લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી ચાલકની ધરપકડ કરી છે. સુરત જિલ્લા એલસીબીની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, એક બંધ બોડીના આઇસર ટેમ્પોમાં મહારાષ્ટ્રથી દારૂનો જથ્થો ભરી નવા એક્સપ્રેસ હાઈવે પર થઈ વડોદરા તરફ જનાર છે. આ બાતમીના આધારે પોલીસે એના ગામ પાસે નાકાબંધી કરી આઇસર ટેમ્પો નં.(UP-80-GT-7389)ને રોકી તપાસ કરતાં તેમાંથી માતબર રકમનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ કામગીરીમાં પોલીસે કુલ 13,200 વિદેશી દારૂની વ્હીસ્કીની બાટલીઓ કિં. રૂ.19,80,000, આઇસર ટેમ્પો કિં.રૂ.15,00,000, મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ ▯34,91,500નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં ટેમ્પો ચાલક કોજારામ હીરારામ જાટ (રહે.,બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે દારૂનો જથ્થો ભરી આપનાર ગોપાલભાઇ બિશ્નોઇ (રહે.,રાજસ્થાન) અને વિરાર સુધી ટેમ્પો લાવી આપનાર અન્ય એક ચાલકને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે પલસાણા પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**જાહેર હરાજી**

માંડવીના વરજાખણ ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં માંડવી ઘટક -1 માં આવેલ આંગણવાડી કેન્દ્ર વરજાખણ-1 અને 3 ના મકાનો હાલમાં જર્જરીત હાલતમાં હોવાથી તેને ઉપયોગ કરવો હિતાવહ નથી. જે આંગણવાડી કેન્દ્ર વરજાખણ-1 ની અંદાજીત કિંમત રૂ.2026/- અને આંગણવાડી કેન્દ્ર વરજાખણ-3 ની અંદાજિત રૂ.7533/-નક્કી કરવામાં આવી છે.આ હરાજીમાં રસ ધરાવતા ઈચ્છુક વ્યક્તિઓએ તા.10-03-2026 ના મંગળવારના રોજ સવારે 11:00 કલાકે ગ્રામ પંચાયત ભવન, વરજાખણ ખાતે હાજર રહી હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

વરજાખણ ગ્રામ પંચાયત
તા.માંડવી, જી.સુરત

સરપંચ
શ્રીમતિ રાગિણીબેન ગણેશભાઈ ગામીત

**જાહેર નિવિદા**

આથી જણાવવામાં આવે છે કે, વાલિયા ગ્રામ પંચાયત હસ્તક ચાલતા વિવિધ વિકાસના કામો તથા વોટરવર્ક્સ યોજના સ્ટ્રીટલાઈટ યોજના માટે નીચે મુજબના સામાનની જરૂરિયાત હોય અને સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે જાહેરાત પ્રસિદ્ધ થતા તારીખથી ૧૦ દિવસની અંદર ફક્ત GST નંબર ધારકોએ જ સીલબંધ કવરમાં RPADથી જ વાલિયા ગ્રામ પંચાયતના નામે સ્થળ બેઠાના ભાવે ભાવપત્રકો આપવા જણાવવામાં આવે છે. આ ભાવ GST સાથેના આપવવાના રહેશે.

૧. ઈંટ,રેતી (નર્મદા-પાણેથા-બોડેલી),સિમેન્ટ,કપચી,મોરમ,ક્વોરી સ્પોઈલ,ડસ્ટ,હાથફોડ મેટલ(૧ ટનનો ભાવ)
૨. સ્ટીલ ISI માર્કાનું દરેક સાઈઝનો ભાવ.
૩. વોટર વર્કસને લાગતો તમામ સામાન PVC પાઈપ તમામ સાઈઝની ISI માર્કાની.
૪. પેવર બ્લોક - ૬૦ mm, ૮૦ mm.
૫. JCB એક કલાકનો ભાવ.
૬. બોરવેલ કરવાના ભાવો.
૭. સી.સી. રોડ ૪ ઈંચ જાડાઈમાં ભરવાનો ૧ ચો. મીટર મજુરીનો ભાવ, બ્લોક બેસાડવાના ૧ ચોરસ મીટર મજુરીનો ભાવ.
૮. સ્ટ્રીટલાઈટના ભાવો ૨૫ વોલ્ટ LED લાઈટ વોટર પ્રૂફ બોડી, ક્લેમ્પ,પાઈપ, ૨ મીટર કોપર વાયરનો ભાવ
૯. ગટર માટે RCC સિમેન્ટ પાઈપો ૪૫૦ મીમી, CNP-૨,૩ ના ભાવો.
૧૦. મોટર રીપેરીંગના ભાવો ૨,૦૦ / ૭,૫ / ૫,૦૦ / ૧૦,૦૦.
૧૧. રીકાર્પેટીંગ ડામર કામના ભાવો પોતાનો પ્લાન ધરાવતા હોવા જોઈએ.
૧૧. સોલાર સ્ટ્રીટ લાઈટ.
૧૩. ગટર લાઈન મજુરીના ભાવ. ઉપરોક્ત ભાવો ૩૧-૩-૨૦૨૭ સુધી માન્ય રહેશે.

ભાવપત્રક મંજુર/નામંજૂર કરવાની આખરી સત્તા વાલિયા ગ્રામ પંચાયતની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

યુ.ટી.ચૌધરી
તલાટી કમ મંત્રી

શ્રીમતી સોમીબેન મહેશભાઈ વસાવા
સરપંચશ્રી, ગ્રામ પંચાયત-વાલિયા.